

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ખટકે એવા તપાસનીશો, બદલાઈ જાય છે,*
*કડક પૂંછવાળા સાહેબો, બદલાઈ જાય છે.*
*બદલાઈ જાય છે જ્યો 'સાચા' ન્યાય કરનારા -*
*'ગૌ-ગ્રાસ' ન દેનારા પોલીસો બદલાઈ જાય છે*
*(બદલીની મોસમ શરૂ)*

### હાઈકુ

*કરી લ્યો પૂરાં*
*તમામ મનોરથ -*
*'સંહિતા' પ્હેલાં*

*મળતા નથી*
*'વિજય' અપાવનારા*
*ઉમેદવારો...*

### ચિંતન

*કવ ધર્મઃ કવ ચ વા કામઃ કવ ચ અર્થઃ કવ વિવેકતા ।*
*ઈદં કૃતં ઈદં ન ઈતિ દ્રન્દ્રૈઃ મુક્તસ્ય યોગિનઃ ॥*

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**આ કર્યું ને આ ન કર્યું એવા દ્વંદ્વથી મુક્ત્ થયેલા યોગીય પછી ધર્મ શું ? કામ શું ? વિવેક શું ? ધર્મ, અર્થ અને કામ ચોથા મોક્ષનો તો શરુઆતમાં જ ઉલ્લેખ છે કે દ્વંદ્વથી મુક્ત થયેલા યોગીને... સંસાર માત્ર દ્વંદ્વનો જ બનેલો છે. સર્વત્ર દ્વંદ્વ કે દ્વેત જ છે. એનાથી મુક્ત થયો છે, એ જ અદ્વૈત ને પામેલો છે. દ્વંદ્વથી મુક્ત એ જ મોક્ષ છે, તેથી જ કહે છે કે જે હવે મોક્ષ પામી ગયો છે, દ્વંદ્વોથી મુક્ત થયો છે, અદ્વેતની જેને હવે અનુભૂતિ થઈ ગી છે તેને પછી ધર્મ શું ? કામ શું ? અર્થ શું ? એક માત્ર કર્તુત્વભાવ જતાં બીજું ઘણું બધું એની સાથે દૂર થઈ જાય છે.**

### સુવિચાર

- 'ઘમંડ' શરાબ જેવો છે સાહેબ,
  ખુદ સિવાય સૌને ખબર હોય જ છે કે આને ચડી ગયો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સમર્થ બુદ્ધિ મહાનકાર્યોનો પ્રારંભ કરે છે, માત્ર પરિશ્રમ જ તેને પાર પાડે છે - **હેરી ચોબાર્ટ**
- જે પ્રસન્નતા તમને ડંશિત કરનારી હોયય તો તેને ઠોકર મારો - **જ્યોર્જ વોશિંગ્ટન**
- જયારે તમે પોતે પ્રમાણિત થઈ જશો ત્યારે તમને વિશ્વાસ બેસશે કે
  જગતમાં એક શયતાન ઓછો થયો - **કાર્લાઈલ**
- કોઈ પણ વ્યક્તિની પરિસ્થિતિઓ એટલી ખરાબ હોવી અસંભવ છે કે
  તેનો ઉપચાર તેના હાથમાં ન હોય - **ભાણદેવ**
- નિરાશાવાદી એવું વ્યક્તિત્વ ધરાવે છે કે જે બધાને અધમ સમજે છે, આથી તે બધાને ધૃણા કરે છે - **બર્નાડ શો**
- આજનું ઔષધ : ખાંડનું પાણી સાથે લીંબુનો રસ ભેગા કરી માથું ધોવાથી ખોડો મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ડૉ. ફ્રેડરીક બેટીંગ કેનેડાના વિખ્યાત વૈજ્ઞાનિક હતા. નાનપણથી તેઓ એમની પાડોશી છોકરી જૈનીના પ્રેમમાં હતા. ડૉ. બેંટીગ અવનવા પ્રયોગો કરતા રહેતા હતા અને જૈની એમને પ્રોત્સાહન આપતી કે, એક દિવસ તમે એવી શોધ કરશો કે જેનાથી દુનિયા તમને ખૂબ યાદ કરશે. ડૉ. બેટીંગ જવાબ આપતા, 'મને અસફળ થવાનો કદી ડર નથી કેમ કે મને તારો સાથ છે.' ઘણા વખત પ્રયોગોમાં વ્યસ્ત રહ્યા બાદ એક દિવસ ડૉ. બેટીંગ જૈનીને મળવા એને ઘરે ગયા. અને જાણ્યું કે જૈની મૃત્યુ પામી હતી અને એનું કારણ હતું મધુપ્રમેહ. ડૉ. બેટીંગ ને ખૂબ આઘાત લાગ્યો. અને એમણે સંકલ્પ કર્યો કે આટલી નાની વયમાં જૈની મધુપ્રમેહને કારણે મૃત્યુ પામી છે. તો હવે એ રોગની દવા હું શોધી ને જ રહીશ.

અંતે આઠ વર્ષના સંશોધન બાદ મધુપ્રમેહના ઈલાજની દવા 'ઈન્સ્યુલીન' એમણે શોધી.

ડો. બેટીંગે જૈનીના પ્રેમને જીવીત રાખવા માટે ઈન્સ્યુલીનની શોધ કરી છે.

# એજન્ડાનું ઉદ્ઘાટન અયોધ્યાથી

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને દેશના સૌથી મોટા રાજયનું સુકાન સોંપાયું ત્યારે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના મનમાં વિકાસ વિકલ્પ તરીકે છુપાયેલો હિંદુત્વનો એજન્ડા ખુલ્લો પડી ગયો હતો પરંતુ એનું અમલીકરણ કેવી રીતે કરવું એ પ્રશ્ન હતો. હવે જયારે ગુજરાતની ચૂંટણી ઉત્તરપ્રદેશની ચૂંટણી જેટલી જ પ્રતિષ્ઠાની બાબત બની રહી છે ત્યારે દેવદિવાળીના દિવસે ભગવાન રામની શોભાયાત્રા કાઢી એમના ભવ્ય અયોધ્યાપ્રવેશનો મહોત્સવ ઊજવવાનો કાર્યક્રમ ઘડાયો છે. સરયૂ તીરે ભગવાન રામચંદ્રજીની ૧૦૦ મીટર ઊંચી અર્થાત્ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્થાપવાનો સંકલ્પ કરાયો છે, એનું પણ યોગી આદિત્યનાથ એમના મંત્રીમંડળ સાથે મળી શિલારોપણ કરશે. બનવાજોગ છે કે એમાં ખુદ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન પણ હાજર રહે. તદુપરાંત રામમંદિરના અટકેલા પ્રોજેક્ટને પણ અદાલત બહાર યેનકેન પ્રકારેણ સમાધાન કરાવી કાર્યાન્વિત કરી ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે એનું નિર્માણ પૂરું કરવાની નેમ ઉત્તરપ્રદેશ સરકાર ઉર્ફે યોગી આદિત્યનાત ઉર્ફે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત સાહની જોડી ધરાવે છે. દેશની બહુમતી પ્રજાને હિંદુત્વના મુદ્દે ઉદ્વેલિત કરી ભાજપને માત્ર બે બેઠકોવાળી પાર્ટીમાંથી સ્થાસ્થાન સુધી પહોંચાડનારા લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ નેતાને હાંસિયે ધકેલી દીધા પછી એમનો જ એજન્ડા રિફાઈન કરી મોદી-શાહ અને એમની છત્રછાયા હેઠળ ઉત્તરપ્રદેશ જેવા દેશના સૌથી મોટા અને મહત્ત્વના રાજયના સર્વેસર્વા બની રહેલા યોગી આદિત્યનાથ શરુથી જ ફાયરબ્રાન્ડ હિંદુત્વના પુરસ્કર્તા તરીકે સુખ્યાત હતા. ભગવાધારી નાથ સંપ્રદાયના આ મહંત માટે રાજકારણ કરતાં ધર્મ જ પ્રાયોરિટીમાં હોય તે સમજી શકાય એમ છે. તેઓ ગોરખપુર બેઠક પરથી એમના ગુરુ મહંત અવૈધનાથ પછી સતત ચૂંટાતા રહ્યા છે. પરંતુ મોદીના રાજ્યાભિષેક પૂર્વે એમનો એક મર્યાદિત રોલ હતો - અદ્દલ સાક્ષી મહારાજ અથવા બીજા કોઈ સાધુ નેતા જેવો જ. એક સાધુને દેશના સૌથી મોટા રાજયના મુખ્યમંત્રી બનવાની તક પણ મળી શકે તે મોદીએ સિદ્ધ કરી બતાવ્યું અને દેશ તથા દુનિયાને જોયું. કોંગ્રેસ પર મુસ્લિમોના તુષ્ટીકરણનો આક્ષેપ કરાતો રહ્યો છે પણ એણે કોઈ મુલ્લા મૌલવીને કોઈ રાજયનું સુકાન નહોતું સોંપ્યું. હા, એણની પાસે ફતવા બહાર પડાવી લઘુમતી વોટબેંક જરૂર ઊભી કરી હતી. ભાજપના નેતાઓએ હિંદુત્વના પ્રતીક સમા સાધુસમાજનો ચૂંટણીલક્ષી ભરપૂર ઉપયોગ કર્યો એટલું જ નહીં, એક સાધુને દેશના સૌથી મોટા રાજયનું સુકાન સોંપવાનો પ્રયોગ પણ કરી બતાવ્યો. યોગી આદિત્યનાથથી પણ પહેલાં સાધ્વી ઉમા ભારતીને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બનાવવાનો પ્રયોગ કરી ચૂકેલા ભારતીય જનતા પક્ષ માટે હાલની ગુજરાતની ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી એ વૈતરણી પાર કરવા જેવી અઘરી બાબતો છે. એ માટે ધર્મનો જ ઉપયોગ કરવામાં ભાજપના નેતૃત્વને લેશ પણ છોછ નથી. સરદાર સરોવર નર્મદા યોજના સ્થળે સરદાર પટેલની પ્રતિમા મૂકવાનો સંકલ્પ કરનાર ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા હશે, એવી જાહેરા કરેલી. હવે સરદારની પ્રતિમા કરતાં પણ વધારે ઊંચી ભગવાન રામચંદ્રની પ્રતિમા બનાવવાનો સંકલ્પ ઉત્તરપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કરી રહ્યા છે. પ્રતિમાઓના નામે મત મેળવીને પણ સત્તા ટકાવી રાખવી એ જ આ નેતોઓની નીતિ અને નીયત છે ! પ્રશ્ન એ છે કેઆ વિભૂતિઓની પ્રતિમાઓ શું 'વિકાસ'નો પર્યાય છે ?

# દુઃખનો ઉપાય છે અને ઉપાય શક્ય છે

## વિચારસભા

પી.એમ.પરમાર

'દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખનો ઉપાય છે, ઉપાય શક્ય છે. કુદરતમાં જીવો, કુદરત સાથે રહો. કુદરતના બની રહો તો પછી કોઈ જ દુઃખ નથી. ખાટલે મોટી ખોડ છે કે સૌએ કુદરત સાથે જ મોરચો માંડ્યો છે. સૂર્યોદય પછી જ ઊઠવું એ ઘણાનો સ્થાયી ભાવ બની ગયો છે એટલે અસ્થાયીની પજવણી શરૂ થઈ જાય છે. સૂર્યોદય પછી ઊઠવું એ સૂર્યદેવતાનું અપમાન છે. પ્રકાશમાં વિટામીન 'ડી' ભરપૂર છે પણ સૂર્યપ્રકાશમાં બેસવાથી અહીં કોને નવરાશ જ છે ? એટલે વિટામીન 'ડી' નાં ઈન્જેકશનોની બજારમાં માગ વધી જાય છે સરવાળે વિટામીન 'એમ' (મની) પણ ગુમાવવાનો વારો આવે છે ! બાવાનાં બેય બગડ્યાં - એ કહેવત કંઈ અમથી નથી પડી !'

એક હવે સો દવા. કુદરતે મફતમાં શુદ્ધ હવા આપી પણ હવા દુષિત કરવામાં કાળા માથાના માનવીએ કોઈ કસર જ બાકી નથી રાખી જેની સીધી અસર શરીર પર નજર કરો તો ખબર પડી જ જાય. દવાખાનામાં ઑક્સિજનનો બાટલો કેટલામાં પડે છે તે દાખલ થયા પછી ખબર પડે છે. આપણે જે હવા ચોવીસ કલાક અવિરત લઈએ છીએ એનું બિલ જો ભગવાન મોકલી આપે તો હવા લેવાનું બંધ કરવું પડે પરિણામે બિલ મળતાં ભલભલાની - ઘણાની અહીં હવા નીકળી જાય. બિચ્ચારો માણસ.

વૃક્ષો તો ઊભા સંતો છે. એ ફળ, ફૂલ, રસ, ઔષધ, બળતણ, છાંયો બધું જ બધાને તદ્દન મફત આપે છે છતાં કુહાડીની ધાર આપણે તૈયાર રાખી. ઉપકારનો બદલો અપકારથી જ આપવો - એ હવે સાર્વજનિક રોગનું રૂપ ધારણ કરતો જાય છે. પક્ષીઓનું આક્ષયસ્થાન જ વૃક્ષો છે. પણ બધે સળી કરવામાં પારવધો માણસ સળી કરવામાં અહીં પણ સખણો રહેતો નથી.

એક પંખી ઉપાડીને સળી, રોજ કરે છે માળો,
એક માણસ કરીને સળી, રોજ પીંખે છે માળો.

આ કરેલી સખી સોય બની ભોંકાય ત્યારે બહુ મોંઘી પડે છે. કરો તેવું પામો વાવો તેવું લણો કહેવતો સાથી પડતી દેખાય છે.

દૂધની જગા પેપ્સીએ પચાવી પાડી તેથી ઘણાને અપચો પજવી રહ્યો છે. ખીચડી ખાવાય હોટલો શોધવી પડે ત્યારે રસોઈ કરવાનો કંટાળો કેટલી હદે આવતો હશે એ હોટલનું તગડું બિલ ચકવતી વખતે આંખો પહોંળી કરી નાખે તેટલો હોય છે. છાસ પીવાનો ઈજારો તો હવે કાઠિયવાડ પૂરતો મર્યાદિત રહી ગયો છે ત્યારે અમર્યાદિત રોગો જોવાના દહાડા આવી ગયા છે. દૂધનું કેસર કઢીમાં નાખો તો શું થાય ? કોઈ પણ વસ્તુને વિકૃત ન બનાવે ત્યાં સુધી માણસને ચેન જ પડતું નથી!

ભેગા મળી જીવે એ ગામડું અને ભેગું કરીને જીવે તે શહેર. ભેગું કરવાનો એરુ ગામડાંનેય હવે આભડી ગયો છે. ગમે તે ગામમાં જાવ - પેપ્સી બધે જ મળશે. નારિયેળ પાણી નહિ મળે. સુખડીનું સુખ ગયું ને વડાપાઉનું આગમન બધે જ થઈ ગયું છે. ગોળના ઢેફા ઉપર કીડીઓ ઉભરાય એમ પાણીપુરીની લારીએ ઘરવાળીઓ ઠલવાય છે. કમળો લાગુ પડે પછી લાલપૂરીઓ પીળી દેખાવા લાગે છે. પાંચ - દસ હજારનું દવાખાનાનું બિલ ચૂકવ્યા પછી એક પાણી પુરી કેટલામાં પડે છે એ જાણ્યા પછી ચક્કર આવવાં શરુ થઈ જાય છે.

માણસો આખો દિવસ જયાં ને ત્યાં વાતો કરે છે આસ્તિકની જેમ અને જીવે છે નાસ્તિકની જેમ. એરણની ચોરી કરી સોયનું દાન કરવાનું એને કોઠે પડી ગયું છે. સ્વર્ગલોકની લ્હાયમાં એ પૃથ્વીલોકનો રસ્તો ભૂલી જાય છે. તિજોરીઓ ભરેલી હોય છે પણ હૃદય ખાલી થઈ જાય છે. જે રસ્તેથી આવે છે એ રસ્તેથી જવાનો લક્ષ્મીજીનો નિયમ અફર છે.

માણસો કથા કરાવતા જ જાય છે અને વ્યથા આપવાનું ખાસ યાદ રાખે છે. ડુંગળી - પ્યાજ ખાવાનું બંધ કરે છે, વ્યાજ ખાવાનું ચાલું રાખે છે. ડામ હોય તો તમતમારે અર્ધી રાતે જગાડજો એવું કહેનારા ધોળા દિવસે ય કામ નથી આવતા. એ પૈસા ગણવા બેસે ત્યારે તેનું ધ્યાન માત્ર પૈસામાં જ હોય છે, એ તો માળા કરવા બેસે ત્યારે જ ચારેબાજુ ભટકતો થઈ જાય

**અનુસંધાન પાના નં. ૭ પર**

# બાંકડા બોલે છે, ના હોય?

## મનના ઉમંગો



રણછોડ પરમાર

બાંકડાપાર્ટીના સભ્યો અબ્દુલના ગલ્લાની નજીકમાં જ રહે છે એટલે સવારમાં બધા ચાલતાં આવે છે. પરંતુ જતી વેળા કોઈના વાહનયોગ થઈ જાય તો તેનો લાભ લેવામાં સહેજે અચકાતા નથી.આજે કરશનકાકા એકટીવા પર આવ્યા છે. પાછલી સીટ પર મોટું છાપાની પસ્તીનું બંડલ બાંધેલું છે. એકટીવા પાર્ક કરતા કરતા અબ્દુલને કહે છે.

કરશનભાઈઃ- અરે અબ્દુલ ! પહેલા સરસ ઠંડુ પાણી પીવરાવ અને પછી મસ્ત આદુવાળી ચા બનાવ. અને હોય તો થોડા બિસ્કીટ પણ આપજે.

અબ્દુલઃ- લ્યો આ ઠંડુ પાણી પીવો. ચા અત્યારે જ બનાવું કે બીજા કોઈને આવવા. દેવા છે?

કરશનભાઈઃ- અરે ભાઈ ! બીજા જ્યારે આવશે ત્યારે આવશે ! અત્યારે મારા માટે એક સ્પેશ્યલ ચા બનાવી દે.

અબ્દુલઃ- માફ કરજો કરશનકાકા. મારાથી પૂછાય નહીં પણ પૂછું છું.

(અબ્દુલ કંઈ બોલ્યા વગર કાકા તરફ તાકી રહે છે.)

કરશનકાકાઃ- હા,હા,પૂછ, શું પૂછવું છે ?

અબ્દુલઃ- આમ તો હંસાકાકી તમે નાહી લો એટલે તરત ચા ધરી દે છે અને અંકિતની વહુ પણ રોજ સવારે નાસ્તો બનાવી દે છે તો ય કેમ આજે તમે આવીને તરત ચા ગોતવા માંડ્યા છે અને ઉપરથી પાછા બિસ્કીટ માંગો છો ?

કરશનભાઈઃ- એ જ ખરી રામાયણ છે ને ? આ દિવાળી સાવ નજીક આવી ગઈ એની તો તને ખબર છે ને ?

અબ્દુલઃ- એ તો ખબર જ હોય ને કાકા. ભલે આપણા ધરમ જુદા હોય પણ તમારા બધા તહેવારોની મને પાકી ખબર હોય છે. આજે ગુરુવાર છે અને આવતા ગુરુવારે દિવાળી.

પૂરા સાત દિવસ બાકી રહ્યા !

કરશનભાઈઃ- હે ! આજે ગુરુવાર છે ? તો તો પેલો નવનીતલાલ " મનના ઉમંગો" વાંચવા જરૂર આવવાનો. એ આવે અને તારી ચા બને તે પહેલા લાવ હું વાંચી લઉં.તે સારું યાદ કરાવ્યું કે આજે ગુરુવાર છે.

અબ્દુલઃ- બીજાય બે ત્રણ જણા વાચવા આવે છે તે એમાં આવે છે શું કરશનકાકા ?

કરશનભાઈઃ- આમ તો બહુ મજા આવે એવું એમાં કાંઈ નથી આવતું પણ આ આપણે બધા ભેગા થઈને કેવી વાતો કરીએ છીએ બસ એવી વાતોનો એ લેખ બનાવી કાઢે છે. એટલે ગમે છે . બાકી ઠીક મારા ભાઈ !

(નવનીતલાલ આવે છે. કરશનકાકાના હાથમાં છાપુ જોઈ તાકી રહે છે. પછી અબ્દુલ સામે જુવે છે. તે પછી એકટીવા અને તેની ઉપર મૂકેલાં છાપાં જુવે છે.)

નવનીતલાલઃ- કરશનકાકા, જરાક અંદરનું પાનું આપજો.

કરશનભાઈઃ- અંદરનું પાનું હું વાંચું છું.તુ કહેતો હોય તો બહારનું પાનું વાચવા આપું.

નવનીતલાલઃ- ના, ના, તમે વાંચો. હું પછીથી વાંચીશ. ( અબ્દુલ સામે જોઈને) અરે અબ્દુલ !

આજે એકટીવા લઈને આવ્યો છે કે શું ? આ પસ્તી ? નવો ધંધો ચાલુ કર્યો કે શું ?

અબ્દુલઃ- અરે ભાઈ, મે કાંઈ ધંધો બદલ્યો નથી. આ છાપા તો કરશનકાકાના છે.

નવનીતલાલઃ- કરશનકાકાના છાપાં ? કાકા તમે પસ્તી ભેગી કરો છે કે શું ? એક સમયના નાયબ સચિવ આ ઉંમરે "પેપર, પસ્તી " એવી બૂમો પાડે તે શોભે ખરું ?

કરશનભાઈઃ- એ મગજમેટ ! હું કાંઈ પસ્તીવાળો નથી. પણ તુ મને શાંતિથી લેખ વાચવા દે.

નવનીતલાલઃ- હા,હા, તમે વાંચો. અબ્દુલ ચા તૈયાર હોય તો લાવ. કાકા લેખ વાંચે ત્યાં સુધી આપણે ચા પીશું. બીજું શું ?

અબ્દુલઃ- અરે નવનીતભાઈ મસ્તમાં મસ્ત આદુવાળી ચા તૈયાર છે. તમે ચા પીવો ત્યાં સુધી કાકા છાપું વાંચશે. ખરું ને કાકા ? (ચા લઈને આવે છે નવનીતને આપવા જાય છે ત્યાં કાકા બરાડે છે. )

કર્શનભાઈ :- અબ્દુલ ! અબ્દુલ :- હા, કાકા. કરશનહાઈઃ- ચાનો ઑર્ડર કોણે આપ્યો છે? અબ્દુલઃ- તમે કાકા.

કરશનભાઈ :- તો પહેલા ચા કોને આપવી જોઈએ ?

અબ્દુલઃ- મને એમ કે તમે છાપુ વાંચો છો તો... લો, તમે પહેલા ચા પીવો છાપુ પછી વાંચજો.

કરશનભાઈઃ- એક મિનિટ, ઊભો રહે. વંચાઈ ગયો છે. આ છેલ્લી કવિતા જોઈ લઉં.અરે આજે તો કવિતા જ નથી.(થોડીવાર પછી છાપુ નવનીતને આપે છે.) લેખ ભલે ગમે તેવો હોય પણ સાલો છેલ્લે કવિતા સરસ આપે છે. તું તો દર વખતે વાંચે છે ?

નવનીતલાલ :- હા, વાંચું છું મને પણ એમની કવિતાઓ ખુબ ગમે છે. કરશનભાઈઃ- શું ધૂળ વાંચે છે. એ કવિતાઓ એમની નહીં પણ સારા સારા કવિઓની હોય છે.

નવનીતલાલઃ- એવુ છે ? હવે સમજ્યો. ફોટામાં અને કવિતાને છેડે જુદા જુદા નામ કેમ હોય છે ?

કરશનભાઈ- એમાં આવે છે તેવી કવિતા લખવી જોઈએ. આ તો કેવું લખે છે " સૂરજ ઉગે છે તો આંખો બળે છે ને ચાંદો ઉગે છે તો હૈયુ કળે છે " એ વિના કશું તને સૂઝતું જ નથી ? ( અબ્દુલ પાસેથી ચા લઈ લે છે )

અબ્દુલઃ- એક મિનિટ, કાકા, સૂરજ ઉગે અને તેની સામે જોઈએ એટલે આંખો તો બળે જ ને ? અને બીજું શું કહ્યું તમે ? ચાંદો ઉગે છે ને હૈયુ બળે છે. શું કહ્યું તમે ? અને કશુંક બળતું હોય તો ધૂમાડો ના થાય ?

( આ સાંભળી કરશનકાકા ખડખડાટ હસી પડે છે.)

નવનીતલાલઃ- જોયું ? કરશનકાકા ? આ મારી કવિતાની કેવી પથારી ફેરવે છે. એને કશું કહેવાને કહેવાને બદલે તમે પાછા હસો છો ?

કરશનભાઈઃ- અને તું રોજ કવિતાની પથારી ને ઓશિકા

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ...હવે ચૂંટણીનાં નગારાં વાગવા માંડયા

## લાગણીનો મેળો



રસિક વાળંદ

એક તમારા મતને ખોટો ન ચૂંટાય એ જોજો.
એક તમારા મતને ખાતર સાચો રહી ન જાય એ જોજો.
એક તમારા મતમાં અસલી જંતુનાશક દવા ભરી છે,
ઝીણા ઝેરી જંતુથીના વિધાનસભા ઉભરાય એ જોજો.
એક તમારા મતની પળ સમજીને સાચવજો અથવા,
પાંચ વરસ માટે છાતીમાં ડૂમો ન અટવાય એ જોજો.

*- કૃષ્ણ દવે*

નવરાત્રિના ઢોલ શાંત થયા...

હવે ચૂંટણીનાં નગારાં વાગવા માંડ્યા.

અઢાર વર્ષેસાર્વત્રિક મતાધિકાર આપવા સબબ એવી અપેક્ષા હતી કે નાગરિકો જવાબદાર સક્રિય અને સ્વતંત્ર મિજાજવાળા બનશે. પરંતુ આઝાદ ભારતમાં એ આશા ઠગારી નીવડી.

ચૂંટણી એ લોકશાહીનો પ્રાણ છે. લોકશાહીનો સિદ્ધાંત છે એ છે કે સમાજનો વહીવટ લોકોની ઈચ્છા મુજબ ચાલે. પ... ણ... આજની ચૂંટણીમાં કોઈ દરિદ્રનારાયણ ઉમેદવારી કરે અથવા ગરીબો પોતે પોતાના ઉમેદવાર ઊભો રાખે તો ? બહુજન સમાજ સમર્થન આપશે ખરો ?!

લગભગ બે દાયકા પૂર્વે એક જાણીતા લોકચાહના ધરાવનારા પ્રખર ગાંધીવાદી સમર્પિત સમાજસેવકે ચૂંટણીમાં ઝંપલાવ્યું પ...ણ... કારમો પરાજય પામ્યા હતા.

આજે તો પ્રબળ ને પ્રભાવી પ્રચાર કારગત નીવડતો જોવા મળે છે. રાજકીય વિચારોને કે રાજકીય નેતાઓને ટી.વી. પર આવતી આકર્ષક જાહેરાતોની જેમ પ્રચાર દ્વારા ચીજવસ્તુઓની જેમ લોકપ્રિય બનાવાય છે.

આ વરવા વાસ્તવથી સૌ વાકેફ છે જ !!

●●●

દોસ્તો, એક શિકારી હતો. દરરોજ તેતરનો શિકાર કરવા જંગલમાં જતો. તેતરનો શિકાર કરવામાં ખૂબ જ તકલીફ પડતી. એક વખત એને એક વિચાર સ્ફૂર્યો કે આજે જે તેતર પકડાય તેને મારવા નહીં પણ પાલતું બનાવવા. એક તેતરને પકડીને દરરોજ કાજુ, બદામ, પિસ્તા ખવડાવતો. તેતરને તો મજા પડી ગઈ. વગર મહેનતે સૂકા મેવા જમવા મળતા. થોડા સમય પછી શિકારી પાળેલા તેતરને જોરશોરથી પોતાની જાતને બોલાવવા લાગ્યું. બીજા તેતરોને એમ લાગ્યું કે આપણી જાતભાઈ બોલાવે છે તો જઈએ જને... તેતરો ભેગા મળીને આવ્યા અને જાળમાં સપડાઈને પેલા શિકારીના શિકાર બની ગયા. આવું દરરોજ બનતું શિકારીને આસાનીથી શિકાર મળી જતો. અને તેતરને વગર મહેનતનો ચારો...

બધા જ રાજકીય પક્ષોને આવા તેતરો પાળેલા છે હવે હવે ચૂંટણી Election નજીક આવે છે... પાળેલા તેતરો જંગલમાં રવાના થઈ ગયા છે... આવું જ એક બીજું દષ્ટાંત નજરે ચડ્યું...

USSR (હાલના રશિયા) ના રાષ્ટ્ર પ્રમુખ અને ત્યાંના સામ્યવાદી પક્ષના મહાસચિવ કોમરેડ જોસેફ સ્ટાલીન એકવાર ત્યાંની સંસદમાં એક મરઘો લઈને આવી પહોંચ્યો અને સૌની વચ્ચે ઊભા રહીને એ મરઘાના પીંછાં ખેંચવા લાગ્યા, મરઘો દર્દભરી ચીસો પાડતો રહ્યો. સૌ દંગ બનીને જોઈ રહ્યા.

એક એક કરીને એમણે એ મરઘાના તમામે તમામ પીંછાં ખેંચી કાઢઅયા એ પછી એમણે એને નીચે ફેંકી દીધો અને ખાસ્સીમાંથી દાણા કાઢીને એના તરફ ફેંક્યા અને ચાલવા માંડ્યા. બધાના આશ્ચર્ય વચ્ચે એ મરઘો તો દાણા મોંઢામાં ભરતો ભરતો સ્ટાલીનની પાછળ પાછળ જ જવા લાગ્યો. સ્ટાલીન ચાલતાં ચાલતાં દાણાં ફેંકતાં જાય અને મરઘો દાણા મોંઢામાં ભરતો ભરતો એમની પાછળ પાછળ દોડતો જાય ! છેલ્લે એ મરઘો સ્ટાલીનના પગોમાં આવીને ઊભો રહી ગયો.

હવે સ્ટાલીને સંસદના અધ્યક્ષ સામે જોયું અને એક અમર ઐતિહાસિક વાક્ય ઉચ્ચાર્યું. માનનીય અધ્યક્ષ, લોકશાહી દેશોની પ્રજાઓ આ મરઘા જેવી હોય છે! એના શાસકો એનું સઘળું લૂંટી લઈને એને પાંગળી બનાવી દે છે, અને એ પછી એને થોડા દાણા નાખીએ એના તારણહાર બની જાય છે!!

મિત્રો... સુજ્ઞેષુ કિં બહુના...

●●●

***સ્પર્શમણિ***

**સમાજજીવનનો અરિસો :**


પોષે તે પ્રેમ, શોષે તે વિકાર
આપણે જાતે વિચારીએ કે...

- હું પરિવારને પોષું છું કે શોષું છું ?
- હું ખેતરને, કુદરતને પોષું છું શોષું છું ?
- હું સમાજને, પોષું છું શોષું છું ?
- હું વકીલ, દાકતર, ઈજનેર, અધિકારી, શિક્ષક, દુકાનદાર તરીકે સેવા આપું છું ત્યારે ગ્રાહક આદિનો પોષું છું કે શોષું છું ?
- હું નાગરિક તરીકે રાજયને શોષું છું કે પોષું છું ?
- હું તંત્રી, પ્રકાશ, વિક્રેતા, મીડિયા તીરીકે વાચક, પ્રેક્ષક આદિને પોષું છું કે શોષું છું ?

*('શાશ્વત ગાંધી' માંથી)*

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## વિસરાતી વાનગી



### મકાઈના પાનિયાં

**સામગ્રી :**

મકાઈનો લો - ૩૦૦ ગ્રામ

મીઠું - સ્વાદ મુજબ, હીંગ, ચપટી - હળદર, ચપટી - મરચું - ૧ ચમચી.

હુંફાળુ પાણી લોટ બાંધવા માટે

વડના પાન જરૂર મુજબ

**રીત :**

સૌ પ્રથમ એક કથરોટમાં મકાઈનો લોટ ચાળી લો.

હવે તેમાં સ્વાદ મુજબ મીઠું ઉમેરો.

સરખું મિક્સ કરી હુંફાળા પાણીથી બહુ કઠણ પણ નહિ અને બહુ ઢીલી પણ નહીં તેવી કણક તૈયાર કરો.

હવે એક લોખંડની તવી પર વડનું પાન મૂકો. ગેસ ધીમો જ રાખીશું.

વડના પાન પર તૈયાર કરેલી કણકમાંથી લુવો લઈ પાન પર બીજા પાન વડે ઢાંકી ને થેપી લો. ધીમા તાપે બંને બાજુ પાન બળી જાય અને પાન સરળતાથી ઉખડી જાય થોડો કલર બદલાય ત્યાં સુધી થવા દો.

આ રીતે પાનિયા બધા તૈયાર કરી લો.

આ પાનિયા અડદની દાળ અને કળથીના શાક સાથે ખુબ જ સ્વાદિષ્ટ લાગે છે.

... તો તૈયાર છે મકાઈના પાનિયા.